# કેદારનાથની યાત્રા ૩ વર્ષ માટે બંધ

## જળહોનારતે ભારે નુકશાન કર્યું : ૧૦૦થી વધુ મૃતદેહો મળ્યાં

નવીદિલ્હી,તા. ૧૯

ઉત્તરાખંડમાં રૂદ્રપ્રયાગમાં વાદળો ફાટવાથી કેદાર સહિતના વિસ્તારોમાં અતિભારે વરસાદને કારણે ભારે ખાના ખરાબી સર્જાઈ છે. પૂરગ્રસ્ત વિસ્તારોમાં સેનાના જવાનો મદદ કરી રહ્યા છે. ૧૦૦ જેટલા મૃતદેહો મળ્યા છે. અને હજુ ૨૦૦થી વધુ લોકો લાપતા છે ઘણા બધા ગામડાંનો અતોપતો જ નથી વડાપ્રધાન ડો. મનમોહનસિંહ અને યુપીએના ચેરપર્સન શ્રીમતી સોનિયા ગાંધીએ હવાઈ સર્વેક્ષણ માટે ઉત્તારાખંડના મુખ્યમંત્રી વિજય બહુગણા સાથે વાત કરીને આપત્તિના સમયમાં સમગ્ર દેશ ઉત્તરાખંડની સાથે છે. તમામ પ્રકારની સહાય આપવાની ખાતરી આપી હતી.

મૂશળધાર વરસાદ અને પૂરને લીધે કેદારની સ્થિતિ વિકટ બની છે, અને એટલું બધું નુકસાન થયું છે કે કેદારનાથ યાત્રા શરૂ કરવામાં હજુ બે-ત્રણ વર્ષનો સમય લાગશે. ઉત્તરાખંડ સરકારના સૂત્રોના કહેવા મુજબ કેદારનાથમાં એટલું બધું નુકસાન થયું છે કે યાત્રા શરૂ કરાવવા માટે બે થી ત્રણ વર્ષ સુધી સતત કામ કરવું પડશે. કેદારનાથનો આખોય વિસ્તાર વેરાન બની ગયો છે. અહીં માત્ર મંદિરની ચાર દિવાલો જ બચી છે. ધર્મશાળાઓ, કચેરીઓ, દુકાનો અને સમગ્ર બજાર પાણીના પ્રવાહમાં તણાઈ ગયા છે ઉપરાંત કેદારના રસ્તાનું અસ્તિત્વ જ ભૂંસાઈ ગયું છે, એટલે કેદારનાથની યાત્રા શરૂ કરવામાં બે-ત્રણ વર્ષનો સમય લાગશે.

સૂત્રોએ જણાવ્યું હતું કે ઘણાં બધા એવા ગામો છે જ્યાં રાહત અને બચાવ ટીમોને પહોંચતા બે-ત્રણ અઠવાડિયા લાગશે કેટલાક ગામો સંપૂર્ણપણે નદીમાં તણાઈ ગયા છે. અને ત્યાં માત્ર મકાનોના અવશેષો જ જોવા મળે છે. શનિવારથી પડેલા મૂશળધાર વરસાદનો કારણે ગઢવાલમાં ભારે તબાહી મચાવી દીધી છે. આ તબાહી બાદ સેના અને સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટની ટીમો આજે સવારથી જ બચાવ અને રાહત કાર્યમાં લાગી ગયા છે. હવામાનમાં થોડો સુધારો થતાં કેદારનાથમાં ફસાયેલા યાત્રાળુઓને સુરક્ષિત સ્થાનો પર પહોંચાડવામાં સેનાના જવાનો કામે લાગી ગયા છે. કેદારનાથને ખાલી કરી દેવામાં આવ્યું છે. બીજી બાજુ પંજાબ સરકારે પોતાના રાજ્યના યાત્રિકોને હેમકુંડ સાહિબથી સુરક્ષિત જગ્યાએ પહોંચાડવા માટે હેલિકોપ્ટર મોકલ્યું છે, ઉપરાંત પંજાબના ચાર વરિષ્ઠ અધિકારીઓને રાહત કાર્યોની દેખરેખ રાખવા માટે મોકલ્યા છે. આ ટીમ જોશીમઠ અને હેમકુંડ સાહિબની મુલાકાત લેશે.

સૂત્રોએ કહ્યું હતું કે કેદારનાથથી અત્યાર સુધીમાં લગભગ ૧૫૦૦થી વધુ યાત્રિકોને સુરક્ષિત સ્થાનો પર પહોંચાડયા છે. રેસ્કયુ માટે સેનાના હવાલે કરાયેલા કેદારનાથ ઘાટી વિસ્તારમાં પહેલા કેદારનાથમાં ફસાયેલા લોકોને સુરક્ષિત સ્થાનો પર પહોંચાડવાનું અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. હવે આજુબાજુના વિસ્તારોમાં ફસાયેલા લોકોને બચાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે. કેટલાક વિસ્તારોમાં બંધ પડેલા રસ્તાઓને ખોલવાની કવાયત હાથ ધરવામાં આવી છે, કેદારનાથ, રામબાડા વગેરે સ્થાનો પર ગુમ થયેલા લોકોની તલાશ કરવામાં આવી રહી છે, એવું માનવામાં આવે છે કે આ કુદરતી ગોઝારી ઘટનામાં મૃતકોની સંખ્યા હજારોની થઈ શકે છે, ઉત્તરકાશીમાં ગંગોત્રી અને યમુનોત્રી માર્ગ પર ફસાયેલા યાત્રિકોની મદદ માટે રેસ્કયુ શરૂ કરી દેવામાં આવ્યું છે. સાથે જ ચમેલી, જોશીમઠથી લઈને બદ્રીનાથ સુધી તથા ગોવિંઘાટથી લઈને ઘાંઘરિયા સુધી ૧૦,૦૦૦ લોકોને ખાદ્ય સામગ્રી પહોચાડવામાં આવી રહી છે. ગૌરીકુંડથી કેદારનાથના ૧૪ કિ.મી.ના પગપાળા રસ્તા પરઆવેલા રામબાડાનું કોઈ નિશાન રહ્યું નથી.

રૂદ્ર પ્રયાગમાં મંદાકીની નદીએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરતા જિલ્લાના સોનપ્રયાગ, ચંદ્રાપુરી, અગસ્ત્યમુનિનો મોટો ભાગ ડૂબી ગયેલી હાલતમાં છે, યાત્રાનો મહત્વનો પડાવ ગણાતા ગૌરીકુંડનો નીચેનો વિસ્તાર પણ પાણીમાં ગરકાવ થયેલો છે.

**વડાપ્રધાન અને સોનિયા ગાંધી દ્વારા હવાઈ નિરિક્ષણ**

### ઉત્તરાખંડ માટે કુલ ૧૦૦૦ કરોડની રાહતની જાહેરાત

વડાપ્રધાન મનમોહનસિંહ અને કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ મેઘતાંડવગ્રસ્ત ઉત્તરાખંડના ઘણા વિસ્તારોનું આજે હવાઈ સર્વેક્ષણ કર્યુ હતુ અને ૧૦૦૦ કરોડની રાહતની તાત્કાલિક જાહેરાત કરી હતી. વડાપ્રધાને કબૂલાત કરી હતી કે ઉત્તરાખંડમાં કુદરતી હોનારત ખુબ મોટી હોનારત છે. ઉત્તરાખંડમાં રાહત અને પુનઃવસવાટ માટે આ પ્રાથમિક ૧૦૦૦ કરોડની



જાહેરાત કરાઈ છે. દહેરાદુનમાં પત્રકારો સાથે વાતચીત કરતા વડાપ્રધાને કહ્યુ હતુ કે હજુ સુધી ૧૦૦૦૦થી વધુ લોકોને બચાવી લેવાયા છે. સિંહે એવી દહેશત પણ વ્યક્ત કરી હતી કે મોતનો આંકડો હાલમાં છે તેના કરતા ખૂબ મોટો હોઈ શકે છે. ભોગ બનેલા લોકો સાથે અમારી સંવેદના જોડાયેલી છે. સહાનુભૂતિ પણજોડાયેલી છે. સિંહે ખાતરી આપી હતી કે કેન્દ્ર અને રાજ્ય સરકાર સાથે મળીને લોકોને પૂરતી રાહત આપશે. ઉત્તરાખંડમાં કેદારનાથ ખીણ સંપૂર્ણપણે નાશ પામી છે. ઉત્તરાખંડમાં ૬૨૦૦૦ શ્રદ્ધાળુઓ હજુ પણ અટવાયેલા છે જ્યારે ૧૧૦૦૦ લોકોને બચાવી લેવાયા છે. કેન્દ્રિય ગૃહપ્રધાન સુશીલકુમાર શિંદેના જણાવ્યા મુજબ સેના, આઈટીબીપીના જવાનો બચાવ અને રાહતકામગીરીમાં લાગેલા છે. સોનિયા ગાંધી અને વડાપ્રધાને આજે પૂરની પરિસ્થિતિની સમિક્ષા કરી હતી. હવાઈ નિરિક્ષણ કરીને વધુ માહિતી મેળવી હતી.

### દિલ્હીમાં પૂરના અગાઉના તમામ રેકોર્ડ તૂટે તેવી વકી

નવી દિલ્હી,તા. ૧૯

ઉત્તરપ્રદેશમાં યમુના સાથે સંકળાયેલા કેટલાક નદી કાંઠાના બંધ તૂટી જવાના કારણે પાટનગર દિલ્હીમાં તોળાઈ રહેલુ પૂરનું સંકટ હાલપુરતુ ટળી ગયુ છે. કારણકે સ્થિતિ હળવી બની છે. એમ માનવામાં આવી રહ્યુ છે કે પાટનગરમાં પૂર અગાઉના તમામ રેકોર્ડને તોડી જશે અને આ વખતે પાણીની સપાટી ૧૦૦ વર્ષમાં સૌથી



વધારે રહેશે પરંતુ ઉત્તરપ્રદેશમાં પૂરના કારણે નુકસાનના કારણે દિલ્હીમાં પૂરનું સંકટ ટળી ગયુ છે. અલબત્ત યમુનામાં પાણીની સપાટી સતત વધી રહી છે. જો કે હવે તેમાં ઘટાડો થવાના પણ સંકેત દેખાઈ રહ્યા છે. કેન્દ્રિય જળ આયોજનપંચના અધિકારીઓએ એવી શક્યતા વ્યક્ત કરી છેકે યમુનામાં પાણીની સપાટી ભયજનક સ્તર ૨૦૪.૮૩ મીટરથી ખુબ આગળ વધી ગઈ છે. આજે મોડી રાત સુધી આ સપાટી ૨૦૭.૭૫ મીટર સુધી પહોંચી શકે છે. અગાઉ એવી શંકા વ્યક્ત કરવામાં આવી હતી કે પહાડી વિસ્તારોમાં વરસાદના કારણે પાણીની સપાટી ૨૦૮ મીટર સુધી પહોંચી શકે છે. પરંતુ પહાડી વિસ્તારોમાં વરસાદ રોકાઈ જવાના કારણે યમુનામાં વહેતા પાણીની ગતિ ઘટી ગઈ છે. ઉત્તરપ્રદેશના માવી, કેરાણા અને બાગપત વિસ્તારમાં યમુના સાથે જોડાયેલા કેટલાક નદી કિનારેના બંધ તુટી ગયા છે. યમુનામાં પૂરના ૧૦૦ વર્ષના આંકડા પર નજર કરવામાં આવે તો વર્ષ ૧૯૭૮માં મહત્તમ જળ સપાટી ૨૦૭.૪૯ પર પહોંચી હતી જ્યારે વર્ષ ૨૦૧૦માં પૂરના કારણે જળની સપાટી ૨૦૭.૧૧ મીટર પહોચી હતી. સાવચેતીના પગલા ઉત્તરપ્રદેશમાં લેવામાં આવ્યા છે. યમુના નદીમાં ૩૫ વર્ષમાં પ્રથમ વખત કેરાણા બ્રિજ ખાતે પાણીની સપાટી ભયજનક સ્તરને પાર કરી ગઈ છે. મુજફરનગર અને સાંમલી જિલ્લામાં હાઈએલર્ટની જાહેરાત કરાઈ છે કારણકે ગંગા અને યમુનામાં પાણીની સપાટી કેરાણા અને શુકરતાલ ખાતે ભયજનક સપાટીને પાર કરી ગઈ છે.

## ચીનની હુવેઈએ દુનિયાનો સૌથી પાતળો મોબાઈલ લોન્ચ કર્યો

લંડન/નવીદિલ્હી, તા. ૧૯

ચીન સ્થિત હુવેઈ કંપનીએ આજે દુનિયાનો સૌથી સ્લીમ મોબાઈલ લોંચ કર્યા હોવાનો દાવો કર્યો છે. આ એન્ડ્રોઈડ આધારીત એસેંડ પી૬નું કદ ૬.૧૮ મી.મી. એટલે કે ૦.૨૪ ઈંચ છે તથા આ મોબાઈલમાં ૫ મેગાફિક્સલ કેમેરો છે. આ ફોનનું મંગળવારે લંડનમાં લોંચ કરવામાં આવ્યો હતો. કંપનીએ અંગે આશા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે આ હેન્ડસેટ દુનિયાભરમાં છવાઈ જશે.

એક વિશ્લેશકનાં જણાવ્યા અનુસાર હુવેઈ દ્વારા અત્યાર સુધીમાં



માર્કેટમાં મુકવામાં આવેલા ફોનોમાં આ ફોન સૌથી આકર્ષક છે. પરંતુ આ ફોનમાં ૪જી સપોટ ન કરતો હોવાથી તેના વેચાણ ઉપર અસર થવાની શક્યતાઓ રહેલી છે. ફોનની સ્કિન ૪.૭ ઈંચ લાંબી છે જે એચટીસી-૧ જેટલી છે પરંતુ આ મોબાઈલની વિશેષતા એ છે કે આ ફોન ૦.૧ ઈંચ એચટીસી-૧ કરતાં સ્લીમ છે. બીજીબાજુ આ ફોન આઈફોન-૫ અને અલ્કાટેલ-૧ આઈડલ અલ્ટ્રાની સરખામણી કરી શકે તેવો છે પરંતુ આ બંને મોબાઈલ કરતા આ મોબાઈલ વધુ પાતળો છે. પરંતુ આ ફોન આ બંને મોબાઈલ કરતાં ૧૨૦ ગ્રામ વજન હોવાને કારણે વજનમાં ભારે છે. એસેંડ પી૬માં રીયર કેમેરો લગાડવામાં આવ્યો છે. આ સાથે સૌથી લેટેસ્ટ ગણાતો એન્ડ્રોઈડ જેલીબીન ૪.૨.૨ પણ લગાડવામાં આવ્યું છે. આ મોબાઈલની ઈન્ટરનલ મેમરી ૮ ગીગાબાઈટ્સ છે પરંતુ આ મોબાઈલ ૩૨ ગીગાબાઈટ માઈક્રો એસડી કાર્ડને સપોર્ટ કરવાની ક્ષમતા ધરાવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે હુવેઈ ટેલીકોમ મોબાઈલ બનાવતી ચીનની સૌથી મોટી કંપની છે. આ કંપનીની સ્થાપના મે, ૧૯૮૭માં કરવામાં આવી હતી. નોંધનીય છે કે એક રીસર્ચ ડેટાનાં જણાવ્યા અનુસાર હુવેઈએ વર્ષનાં પહેલા ત્રણ મહિનામાં જ ૯૯ લાખ મોબાઈલનું વેચાણ કર્યું છે. તે વિશ્વની મોબાઈલ ઉત્પાદક કંપનીઓમાં ચોથા ક્રમાંકે છે.

**સખીને પત્ર** (પાના નં. ૪નું ચાલુ)

પેલા માણસે વિરોધ કર્યો તો કહે, 'અરે મેં તને પહેલાં જ કહ્યું કે મને ગમે તે આપીશ. એટલે હું તને મારી ખુશીથી આ ડબ્બો આપું છું.' માણસને લાગ્યું કે દલીલ કરવી વ્યર્થ છે. તે કાજી પાસે ગયો આખી વાત કરી. કાજી બુદ્ધિશાળી હતો. શેઠની દુષ્ટતાનો તેને ખ્યાલ આવી ગયો. તેણે નગર શેઠને બોલાવ્યાં. આખીયે વાત તેમનાં મોઢે સાંભળી. તેમણે શેઠને કહ્યું કે, 'તમે આ ભાઇને વચન આપ્યું હતું કે, 'મને ગમે તે આપીશ' બરાબર?' શેઠે કહ્યું હા! પછી કાજીએ પૂછ્યું તમને વધારે શું ગમે છે. રત્નો કે દાબડો? શેઠે કહ્યું, 'રત્નો જ વળી. મને રત્નો વ્હાલા છે હું એક પણ કોઇને ન આપું.' કાજીએ કહ્યું, 'બરાબર છે? તમે વચન તોડી રહ્યાં છો. તમે કહ્યું હતું મને ગમે તે આપું. તમને રત્નો ગમે છે. તો તમારે આ રત્નો આ માણસને આપી દેવા જોઇએ!' પોતાનાં શબ્દોની જાળમાં શેઠ ફસાઇ ગયાં અને પોતાની ગમતી ચીજ પેલા માણસને આપવી જ પડી.

ભગવાન સાથે પણ આપણે પેલાં શેઠની જેમ શબ્દોની રમત રમીએ છીએ. અને મોટા ભક્ત, મોટા સાધુ હોવાનો દંભ પોષીએ છીએ. પણ ઉપરવાળો તો આપણોય 'પિતા' છે ને? પેલા બુદ્ધિશાળી કાજીની જેમ આપણાં કર્મોમાં આપણને જ ભેરવી દે છે!

પરાણે કરવી પડતી ભક્તિ કે આવી પડેલી ફકીરીના દંભને પોષ્યા વગર ચાલો આપણા અલગારી ગુજરાતી કવિની જેમ ગાઇએ...

'હવે પ્રભુ જો મુજ પ્રેમ વાંચ્છે
આવે અહીં તે લયલા બની ને.'

જો કે પ્રભુને પ્રેમી બનાવતાં પહેલાં આપણાં પ્રભુપ્રેમને નિર્મળ, નિષ્કપટ અને અચળ બનાવવો પડશે ખરૂં ને?

- સ્વાતિ

## બિહાર વિધાનસભામાં મુખ્યમંત્રી નીતિશે વિશ્વાસનો મત મેળવ્યો

પટના,તા. ૧૯

બિહાર વિધાનસભામાં આજે નીતિશકુારે વિશ્વાસ મત મેળવી લીધો છે. નીતીશના જેડીયુ પક્ષને ગૃહમાં ૧૨૬ મત મળ્યા હતા જ્યારે વિપક્ષને માત્ર ૨૪ મત મળ્યા હતા. સરકારની વિરુદ્ધમાં ૨૪ મત પડયા હતા એમાં ૨૨ મત રાષ્ટ્રીય જનતાદળ અને બે અપક્ષ ધારાસભ્યોએ વિરોધમાં મતદાન કર્યું હતું.



ભાજપાના ધારાસભ્યોએ મુખ્યમંત્રી નીતિશકુમાર પર એનડીએને મળેલા જનાદેશની સાથે છેતરપિંડી કરવાનો આક્ષેપ કરીને ગૃહનો બહિષ્કાર કર્યો હતો. નીતિશ કુમારે જવાબ આપતા જણાવ્યું હતું કે ભાજપ દ્વારા અપાયેલું બિહાર બંધનું એલાન નિષ્ફળ રહ્યું હતું. તેમણે ઉમેર્યુ હતું કે ભાજપનું ઓબસી કાર્ડ હવે ચાલશે નહીં પછાત જાતિમાં જન્મ લેવાથી કોઈ પછાત વર્ગના નેતા બની શકે નહીં.

નીતિશકુમારે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી પર પ્રહારો કરતા જણાવ્યું હતું કે, બિહારમાં કોઈનું વિકાસ મોડેલ ચાલશે નહીં બિહારમાં માત્ર બિહારનું જ વિકાસ મોડેલ હોવું જોઈએ. દેશના ભાગલા પાડવાવાળાને સહન કરી શકાય નહી.

નીતિશે ભાજપા-જનતાદળ (યુ) ગઠબંધન તૂટી જવાના મામલે કહ્યું હતું કે, અમે માત્ર એટલું જ ઈચ્છીએ છીએ કે ભાજપા અમારી ચિંતાઓનું નિરાકરણ સાર્વજનિક રીતે કરે, અમે ઈચ્છતા હતા કે વડાપ્રધાનપદના ઉમેદવારની જાહેરાત કરી દેવામાં આવે. ભાજપા દિવસમાં જ સ્વપ્નાઓ જોઈ રહી છે કદાચ અમે સાથે હોત તો પણ લોકસભાની ચૂંટણીમાં ૨૦૦ બેઠકો મેળવવી અઘરૂ હતું.

એનડીએથી વિખુટા પડયા બાદ બિહાર વિધાનસભામાં જેડીયુએ ગૃહમાં વિશ્વાસનો મત મેળવીને પોતાની બહુમતિ સાબિત કરી દીધી હતી. જ્યારે ભાજપના ધારાસભ્યોએ મુખ્યમંત્રી નીતિશકુમાર સામે એનડીએને મળેલો જનાદેશ સાથે છેતરપિંડી કરવાનો આક્ષેપ કરીને ગૃહનો બહિષ્કાર કર્યો હતો. ગળહમાં ભાજપ વિધાનસભા પક્ષના નેતા નંદકિશોર યાદવે જણાવ્યું હતું કે, અમે જાણીએ છીએ કે વિશ્વાસનો મત હાંસલ કરવા માટે તમારી પાસે બહુમતી છે. એટલે અમે ગૃહનો બહિષ્કાર કરી રહ્યા છીએ. યાદવની જાહેરાત બાદ ભાજપના તમામ ધારાસભ્યોએ ગૃહનો બહિષ્કાર કર્યો હતો.

## કોલસા કૌભાંડમાં વધુ એક કંપની સામે કેસ નોંધાયો

નવીદિલ્હી, તા. ૧૯

સીબીઆઈએ કોલસા બ્લોક આવંટનને તપાસ દરમિયાન વધુ એક કેસ નોંધ્યો છે. આ કેસ દિલ્હીની એક સ્ટીલ મેન્યુફેક્ચરીંગ સામે નોંધવામાં આવ્યો છે. સીબીઆઈ દ્વારા આ કંપની સામે કેસ નોંધવા ઉપરાંત દિલ્હી સ્થીત કંપનીનાં વિવિધ વિભાગોમાં દરોડા પાડવામાં આવ્યા છે.

સીબીઆઈનાં સૂત્રોનાં જણાવ્યાં અનુસાર રાઠી સ્ટીલ એન્ડ પાવર લીમીટેડની સામે કેસ નોંધવામાં આવ્યો છે. આ કંપનીનાં નિર્દેશક ઉદીત રાઠી તથા અન્ય શખ્સો સામે કેસ નોંધવામાં આવ્યો છે. આ કેસ કોલસા બ્લોક આવંટન દરમિયાન ખોટા પુરાવા રજૂ કરવા બદલ કરવામાં આવ્યો છે.

વિગત એવી છે કે કંપનીનું નામ રાઠી ઉદ્યોગ લીમીટેડ હતું અને આ કંપનીએ છત્તીસગઢનાં કોરબામાં ૫ ઓગસ્ટ, ૨૦૦૮નાં રોજ તેના યંત્રનાં સંચાલન માટે એક કોલસા માટેનો બ્લોક લીધો હતો.

નોંધનીય છે કે જ્યારે કંપનીને આ કોલસાનો બ્લોક આપવામાં આવ્યો ત્યારે કંપની દ્વારા ખોટા પુરાવા રજૂ કરવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે કોલસા બ્લોક આવંટન કૌભાંડમાં સીબીઆઈ દ્વારા ૧૩મો કેસ નોંધવામાં આવ્યો છે. કેસ નોંધ્યા બાદ સીબીઆઈની ટીમે કંપનીનાં દિલ્હી તથા ગાજીયાબાદ સ્થિત કાર્યાલયોમાં દરોડા પાડ્યા હતા.

## ભારત-શ્રીલંકાની વચ્ચે આજે ફાઈટ ટુ ફિનિશ જંગ યોજાશે

લંડન,તા. ૧૯

ચેમ્પિયન્સ ટ્રોફીમાં આવતીકાલે ભારત અને શ્રીલંકા વચ્ચે બીજી સેમીફાઈનલ મેચ રમાનાર છે. આ મેચને લઈને ક્રિકેટ ચાહકો ઉત્સુક છે. ચેમ્પિયન્સ ટ્રોફીમાં મહેન્દ્રસિંહ ધોનીના નેતૃત્વમાં ભારતીય ટીમે પ્રથમ રાઉન્ડમાં સૌથી શાનદાર રમત રમીને પોતાની ત્રણે મેચ જીતી લીધી છે અને હવે આવતીકાલે ટુર્નામેન્ટની બીજી સેમીફાઈનલમાં શ્રીલંકા સામે ટકરાશે. બીજી બાજુ શ્રીલંકએ ઓસ્ટ્રેલિયાના હાર આપીને સેમીફાઈનલમાં આગેકૂચ કરી દીધી હતી. ટીમ ઈન્ડિયાએ હજુ સુધી ચેમ્પિયન્સ ટ્રોફીમાં ખૂબ શાનદાર રમત રમી છે. ઈંગ્લેન્ડના ક્રિકેટ ચાહકો પણ ભારતીય ક્રિકેટ ટીમના દેખાવથી પ્રભાવિત છે પરંતુ ટીમનો મુકાબલો હવે એવી ટીમ સાથે છે જે નોકઆઉટ સ્પર્ધામાં હમેશા ખૂબ સારો દેખાવ કરતી રહી છે. ટીમ ઈન્ડિયાની અગ્નિ કસોટી થશે. હજુ સુધી આઈસીસીના મોટા ટુર્નામેન્ટો વિશ્વકપ, ચેમ્પિયન્સ ટ્રોફી, ટી-૨૦ વર્લ્ડકપમાં ભારતને શ્રીલંકાના હાથે નોકઆઉટ રાઉન્ડમાં હારનો સામનો કરવો પડ્યો છે.

ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારત ફરી એકવાર શ્રીલંકાની ટીમ સામે છે. શ્રીલંકન ટીમ ઈતિહાસનું પુનરાવર્તન કરવા ઈચ્છુક છે પરંતુ આ વખતે ભારતીય ટીમ જોરદાર ફોર્મમાં ચાલી રહી છે. ટોચના બેટ્સમેનોના શાનદાર ફોર્મના કારણે સુરેશ રૈના, મહેન્દ્રસિંહ ધોની અને દિનેશ કાર્તિકને પણ બેટીંગ કરવાની પૂરતી તક મળી શકી નથી. શ્રીલંકા અને ભારત બંને એકબીજાની સામે જોરદાર દેખાવ કરવા ઈચ્છુક છે. ભારત અને શ્રીલંકા બંને એકબીજાની સામે ઘણી મેચો રમી ચૂક્યા છે. બંને ટીમોને એકબીજાની નબળાઈ અને મજબૂતી અંગે સંપૂર્ણપણે માહિતી છે આવી સ્થિતિમાં ચેમ્પિયન્સ ટ્રોફીની બીજી સેમીફાઈનલ મેચ ખૂબ જ રોમાંચક બની રહે તેવી શક્યતા છે. શ્રીલંકન ટીમમાં પણ અનેક સ્ટાર ખેલાડીઓ છે જેમાં જયવર્ધને, સંગાકારાનો સમાવેશ થાય છે.

મેચનું પ્રસારણ આવતીકાલે બપોરે ત્રણ વાગ્યાથી કરવામાં આવશે. કરોડો ચાહકોમાં ભારે ઉત્સુકતા છે. જો વરસાદ નહીં પડે તો મેચ રોમાંચક રહેશે.

## પાક.માં આત્મઘાતી હુમલો : ૨૮નાં મોત

પેશાવર,તા.૧૯

પાકિસ્તાનનાં મરદાન ખાતે નીકળેલાં એક જનાજાને નિશાન બનાવીને કરવામાં આવેલાં આત્મઘાતી હુમલામાં પ્રાંતના વિધાનસભ્ય સભ્ય સહિત અંદાજીત ૨૮ લોકોનાં મોત થયા છે અને ૬૦થી વધુ લોકો ઘાયલ થયા છે. પોલીસ અધિકારીઓ અને નજરે જોનાર સાક્ષીઓએ જણાવ્યું હતું કે, ખૈબર પખ્તુનખાં પ્રાંતના મરદાન જિલ્લાનાં શેરગઢ વિસ્તારમાં બપોરે ૧૦૦થી વધારે લોકો એક વેપારીનાં જનાજામાં સામેલ થવા માટે ભેગા થયા હતાં. દરમિયાન એક આત્મઘાતી હુમલાખોરે વિધાયક ઈમરાન ખાન મહોમ્મદ પાસે વિસ્ફોટક ભરેલાં તેનાં જેકેટમાં વિસ્ફોટ કર્યો હતો. ખૈબર પખ્તુનખાં પ્રાંતના સૂચના-પ્રસારણ મંત્રી શૌકત યુસુફ ઝઈએ જણાવ્યું હતું કે, માર્યા ગયેલા લોકોમાં વિધાયક ઈમરાન ખાન પણ સામેલ છે. અન્ય અધિકારીઓએ જણાવ્યું હતું, આ હુમલામાં ૨૮ લોકો માર્યા ગયા છે અને ૬૦થી વધુ લોકો ઘાયલ થયા છે. ડૉક્ટરોનાં જણાવ્યા મુજબ ૧૦ ઘાયલોની સ્થિતિ અતિગંભીર જણાવાઈ છે. આ વિસ્ફોટ નમાઝે જનાજાની વિધિ પૂર્ણ થયા બાદ થયો હતો. હુમલા બાદ લોકોમાં અફરાતફરીનો માહોલ પેદા થયો હતો, લોકો તે સ્થળેથી ભાગવા લાગ્યા હતાં. ઘાયલોને મરદાન તથા નજીકનાં જિલ્લાઓની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં છે.

## સમાચાર ઝલક

- ડિસ્કવરી ચેનલ પર નિક વોલ'ડા ગ્રેડ કેન્યન પાર કરશે તે સીધું પ્રસારણ કરાશે.
- કાશ્મીરમાં સુપ્રીમકોર્ટના ચીફ જસ્ટીસની હાજરીમાં જ રાષ્ટ્રગીત શરૂ કરવાનાં સમયે વિદ્યાર્થીઓનાં સૂત્રોચ્ચાર કર્યા...
- જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીનાં ૨૫ શ્રમયોગીઓનો આત્મવિલોપનનો પ્રયાસ.
- ૨૫ ટકા ગરીબ બાળકોને ખાનગી શાળાઓએ પ્રવેશ આપવો પડશે.
- ધોરાજીના પોલીસ સ્ટેશનમાં જમાદારે ફાંસો ખાઇ જીવન ટૂંકાવ્યું.
- દેશમાં હજુ સુધી સામાન્યથી ૬૮ ટકા વધુ વરસાદ નોંધાયો.
- ઉત્તરાખંડમાં ફસાયેલા ગુજરાતી મુસાફરો માટે એર-ઓપરેશનની તૈયારી શરૂ.
- બેંકો ફાટેલી ચલણી નોટો ના બદલે તો રિઝર્વ બેંકમાં રાવ નાખવી, દરેક બેંકને અલગ કાઉન્ટર શરૂ કરવાની સૂચના.
- સૌંદર્ય સામ્રાજ્ઞી દિપીકા પાદુકોણની માંગમાં એકાએક તીવ્ર વધારો...
- અમદાવાદમાં ચેઇન સ્નેચરોનો તરખાટ, ત્રણ અછોડા તૂટ્યાં.
- સોનાની વાર્ષિક આયાતમાં ઉછાળો, અર્થતંત્ર માટે પડકાર.
- તા.૧લી જુલાઇથી ટ્રેન ચુક્યાના ૨ કલાકમાં ટિકીટ રદ્દ નહીં કરાય તો પૈસા ગયા...
- મંદીના કારણે ટ્રક ભાડામાં ૧૫ ટકા ભાવોનો ઘટાડો થયો.
- દુબઇમાં ૯૭ માળની ઇમારતમાં લીફ્ટ ખોટવાઇ...
- અમરનાથ યાત્રા પર ત્રાસવાદી હુમલાની શક્યતા, તંત્ર એલર્ટ.
- ૧૫મી ઓગસ્ટથી ૭ નવા જિલ્લાઓ ધમધમશે, તૈયારીઓ પૂર્ણ.
- પોરબંદર નગરપાલિકાની ચૂંટણી પર મનાઇ હુકમ.
- જાહેર સાહસ કંપનીઓમાં રોકાણના નિયમો બદલાયા.
- ઇન્ટરનેટ પર પ્રેમની જાળમાં લોકો ફસાઇ રહ્યાં છે.
- રાજકોટનાં સામાન્ય પરિવારના મેયર રક્ષાબેન બોળિયા દેશભરમાં છવાયા.
- નર્મદા ડેમની સપાટી ૧ મીટર વધી, સતત પાણીનો આવરો ચાલુ...
- ઉત્તરાખંડમાં ૬૫,૦૦૦ લોકો ફસાયા છે, રાહત કાર્ય પૂરજોશમાં, ગૃહમંત્રી શિંદે, અમિતાભ બચ્ચને પ્રાર્થના કરી.